## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




બેન ડ્વુ તો એ બાબતનુ છે કે આ... સાચો દારૂ પીને મર્યો... નકલી પીને મર્યો હોત તો કાંક સરકારી સહાયતો મળતા...!!!



સત્યાગ્રહ છાવણી તરીકે ઓળખાતુ સેક્ટર-૬નું મેદાન આજકાલ ગંદકીથી ખદબદી રહ્યુ છે. અહીં ઠેર ઠેર કચરાના ઢગ જામ્યા છે તો ગટરો પણ ઉભરાઈ રહી છે. ગંદકીનું સામ્રાજ્ય ફેલાતા અહીં જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધી ગયો છે.



સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, સેક્ટર-૨૯ ખાતે કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. લેફટનન્ટ જનરલ સંતોષકુમાર ઉપાધ્યાય, યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. રામાશંકર દુબે, રજીસ્ટ્રાર સંજયકુમાર ઝા એ કારગિલ યુદ્ધના શહીદોને શ્રદ્ધઆંજલિ અર્પણ કરી કારગિલ યુદ્ધના સંસ્મરણોને વાગોળ્યા હતા.



પ્રજાપતિ સમાજની સગીરા પર દુષ્કર્મ આચરવામાં આવતા દિકરીને ન્યાય મળે અને આરોપીને સજા મળે તેવી માંગણી સાથે સમગ્ર પ્રજાપતિ સમાજ ગાંધીનગર ઉમટી પડ્યો હતો. નવા સચિવાલય પહોંચી સમાજના અગ્રણીઓએ મંત્રીઓને આવેદનપત્ર આપી દોષિતને કડક સજા કરવાની માંગ કરી છે.



શ્રી જલીયાણ સેવા ગૃપ દ્વારા સેક્ટર-૨૦ પ્રાથમિક શાળામાં બાળકોને સ્કૂલબેગનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ધો. ૧ ના બાળકો નવી નક્કોર સ્કૂલબેગ મેળવી ખુશખુશાલ બની ગયા હતા.

# એપોલો સર્કલ પાસે ક્રેટા કારની ટક્કરે રીક્ષામાં સવાર મુસાફરનું મૃત્યુ

**રીક્ષામાં બેઠેલા મુસાફર કોલકત્તા સીઆઈઆઈમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા, એરપોર્ટથી રીક્ષામાં બેસી ગાંધીનગર આવી રહ્યા હતા,**

ગાંધીનગર, તા.૨૮

એરપોર્ટ થી ગાંધીનગર તરફ આવતા માર્ગ પર એપોલો સર્કલ નજીક મોડીરાત્રીના સમયે કાર-રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. કાર ચલાકે પુરઝડપે અને ગફલતભરી રીતે કાર હંકારી રીક્ષાને પાછળના ભાગે ટક્કર મારી હતી. જેમાં રીક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો

અને તે સાઈડમાં ઉતરી ગઈ હતી, આ બનાવમાં અકસ્માતમાં રીક્ષામાં સવાર સીબીઆઈના હેડ કોન્સ્ટેબલનું ગંભીર ઈજાને પગલે સ્થળ પર જ મૃત્યુ થયુ હતું. જયારે રીક્ષા ચાલકને પણ ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોલકત્તા ખાતે સીબીઆઈમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા બિહારના વતની અરૂણકુમાર તિવારી સરકારી કામઅર્થે અમદાવાદ આવ્યા હતા. ગાંધીનગર સીબીઆઈની કચેરી ખાતે પણ કામ હોવાથી રાત્રીના બાર વાગે એરપોર્ટ સર્કલ થી એક રીક્ષા નં. જી.જે.૨૭.વાય.૮૭૩૬માં બેસી તેઓ ગાંધીનગર તરફ આવી રહ્યા હતા. રીક્ષા ઈન્દીરા બ્રિજ પસાર કરીને એપોલો સર્કલ તરફ આવી રહી હતી તે સમયે ક્રેટા ગાડી નં. જી.જે.૦૧.કે.યુ-૦૩૧૪ ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી રીક્ષાને પાછળથી ટક્કર મારતા રીક્ષાનો ખુડદો બોલાઈ ગયો હતો અને રીક્ષા સાઈડમાં ઉતરી ગઈ હતી. જયારે કાર ચાલકે કાબુ ગુમાવતા કાર ડીવાઈડર પર ચઢી ગઈ હતી, તો બીજીતરફ કાર બંધ થઈ જતા કાર ચાલક રાત્રીના અંધકારમાં ફરાર થઈ ગયો હતો. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી.



રીક્ષાના મુસાફર અરૂણ તિવારી અને રીક્ષા ચાલકને ઈજા પહોંચી હોવાથી બહાર નીકાળ્યા હતા. બનાવ અંગે ૧૦૮ને કોલ કરતા તાત્કાલીક આવી પહોંચી હતી. રીક્ષામાં સવાર મુસાફરને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચતા તેમનુ કરૂણ મૃત્યુ નિપજયું હતું.

જયારે રીક્ષા ચાલકનો સારવાર માટે લઈ ગયા હતા. બનાવ અંગે કાર ચાલક સામે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગરના વાસણ ગામે આજે અમાસને લઈ ભગવાન વૈજનાથ મહાદેવ(દાદા)નો વરઘોડો નિકળી અને મહાદેવના મંદિરે ગયો હતો.

● ગાંધીનગર જિલ્લાના ૮૪ ગામોમાં હર ઘર ત્રિરંગા અંતર્ગત ગ્રામસભાઓ સંપન્ન થઈ છે.

● જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે તાલુકા વિકાસ અધિકારીઓ સાથે ૧૫મા નાણાંપંચની પ્રગતિ અંગે સમીક્ષા બેઠક યોજી હતી.

● જિલ્લા પંચાયતની ખેતીવાડી-ઉત્પાદન સહકાર સમિતિના ચેરમેન ભરતસિંહ ઝાલાને આજે છાતીમાં દુઃખાવો થતાં સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા.

● ગાંધીનગર શહેર ભાજપ દ્વારા અનુ. જાતિ મોરચાના કન્વીનર તરીકે પૂર્વ કાઉન્સીલર જયદેવ પરમારની નિયુક્તી કરવામાં આવી છે.

● ગુડામાં મકાનના લાભાર્થીઓના દસ્તાવેજોની ચકાસણીને લઈ ભારે ભીડ જોવા મળી રહી છે.

● ગાંધીનગર શહેરમાં આજે ૧૯૨૨ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા હતા.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં રોજના ૮૦૦થી વધુ લોકોના કોરોનાના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.

● 'મેવાડના માર્તંડ એકલિંગનાથ'' નવલકથાનું વિમોચન ૩૧-૭-૨૨ના રોજ થશે. સ્વ. નટવરભાઈ હેડાઉના અવસાન પછી તેમના આ પુસ્તકનું વિમોચન થઈ રહ્યુ છે.

● ગાંધીનગરની ગિફ્ટીસીટીમાં વડાપ્રધાનના કાર્યક્રમને લઈ તંત્ર તૈયારીમાં વ્યસ્ત બન્યુ છે.

● ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ ઓછુ જણાયુ હતુ.

● માણસા તાલુકાની ઈટાદરા પ્રા. શાળાનો ૨૫મો જન્મદિવસ ઉજવવામાં આવ્યો.

## આલમપુર પાટીયા પાસે કારે એકટીવાને ટક્કર મારતા મહિલા ઈજાગ્રસ્ત



ગાંધીનગર ચિલોડા માર્ગ પર આલમપુર પાટીયા પાસે આજે બપોરના બે વાગ્યાના અરસામાં ગાંધીનગર થી ચિલોડા તરફ એકટીવા પર જઈ રહેલા માતા -અને દિકરાને કાર ચાલકે પાછળની ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ચિલોડા ખાતે રહેતા ૫૫ વર્ષિય મંજુલાબેન કાંતિલાલ મછારને ગંભીર ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવાયા હતા. તો જીગર મછારને પણ ગાંધીનગર સિવિલમાં સારવાર આપવામાં આવી હતી. જયારે પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ કાર પરથી ચાલકે કાબુ ગુમાવતા કાર દુર જઈને ઉભી રહી હતી.જયારે કારનો ચાલક કાર મુકી નાસી ગયો હતો.

## લવારપુર ગામે કરોડો રૂપીયાની જમીન પર કબ્જો જમાવનાર ૧૦ સામે ફરીયાદ

**કોરોના મહામારીમાં જમીન માલિક ખેતરે ન આવતા શખ્સોએ ઓરડીઓ બનાવી ઢોર પણ બાંધી દીધા, જમીન મુદ્દે ૧૦ સામે લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળ ફરીયાદ**

ગાંધીનગર, તા.૨૮

અમદાવાદ સેટેલાઈટ વિસ્તારમાં રહેતા કોન્ટ્રાકટર કોરોના મહામારી અને લોકડાઉનને પગલે પોતાના ગામ લવારપુર આવ્યા ન હતા. જેને પગલે ગામના ૧૦ વ્યકિતઓએ કોન્ટ્રાકટરની જમીનમાં ઓરડીઓ બનાવી પશુઓને બાંધીને જમીન હડપી લીધી હતી. ત્યારે જમીન મુદ્દે ડભોડા પોલીસ મથકે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ગુનો નોંધ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર લવારપુર ગામના જનકભાઈ પટેલ ખેતી તેમજ કોન્ટ્રાકટરનો વ્યવસાય કરે છે. જનકભાઈની વડીલોપાર્જીત જમીન લવારપુર ગામની સીમમાં બ્લોક સર્વે નં-૩૯૯ ની કુલ જમીન ૩૮૦-૨૫ ની માપવાળી ખેતીની જમીન આવેલી છે. આ જમીનમાં બોરકુવો તેમજ પાકા મકાન આવેલા છે. જેનો ઉપયોગ ખેતીની સિઝનમાં માણસોને રહેવા માટે કરવામાં આવે છે. ૭

ાામમાં ખેતીની જમીન આવેલી હોવાથી જનકભાઈ અવાર-નવાર આવન-જાવન કરતા હતા. પરંતુ કોરોનાની મહામારી દરમિયાન તેઓ ખેતર પર આવી શક્યા ન હતા.જેનો ફાયદો લઈ ગામના કોદરજી નાથાજી ઠાકોર, બુધાજી કોદરજી ઠાકોર, ભીખાજી જુગાજી ઠાકોર, મહેશ ભીખાજી ઠાકોર, ગોવિંદજી ભીખાજી ઠાકોર, રેવાજી મગનજી ઠાકોર, જગદીશ રેવાજી ઠાકોર, જડીબેન કોદરજી ઠાકોર, હીરાબેન રવાજી ઠાકોર અને પાલીબેન ભીખાજી ઠાકોરે જમીન પર કામચલાઉ ઘર ઉભા કરીને પશુઓને બાંધી જમીન પર કબ્જો જમાવી દીધો હતો. આ ઘટનાની જાણ થતા જનકભાઈ લવારપુર આવી પહોંચ્યા હતા અને જમીન ખાલી કરવા માટે પણ જણાવ્યું હતું.ત્યારે આ ગામના શખ્સોએ તમારે જે થાય તે કરી લેજો, જમીન અમારી છે અને આ જમીનમાંથી નીકળવાના નથી તેમ કહી બોલાચાલી કરી હતી. જયારે જમીન મુદ્દે ડભોડા પોલીસ મથકે જમીન પર કબ્જો જમાવનાર વ્યકિતઓ સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ગુનો નોંધાયો છે.

## ૨૩૦ દેશી દારુના અડ્ડા પર દરોડા

**૨૨૦૦ લીટર વોશ સાથે પોલીસે ૯૦ બુટલેગર સામે કાયદેસરની કાર્યવાહી**

ગાંધીનગર, તા.૨૮

બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં સર્જાયેલા લઠ્ઠાકાંડ બાદ ગાંધીનગર પોલીસે પણ દેશી દારુનો વેપલો કરતા બુટલેગરો પર તવાઈ બોલાઈ હતી. ગાંધીનગર જિલ્લા પોલીસની વિવિધ ટીમોએ છેલ્લા પાંચ દિવસમાં શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં ૨૩૦ જેટલા સ્થળ પર દરોડા પાડી ૨૨૦૦ લીટર દેશીદારુ-વોશ પકડી પાડી પાડ્યો હતો. જયારે પોલીસે દેશીદારૂના વેપાર સાથે સંકળાયેલા ૯૦ જેટલા વ્યકિત સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. તો બીજીતરફ પોલીસની ધોંસ વધતા કેટલાક બુટલેગરો ભુગર્ભમાં ઉતરી ગયા છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીના ગુજરાતમાં દારુ બંધી છે. પરંતુ ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર હોય તેમ લાગે છે. બરવાળા લઠ્ઠાકાંડને પગલે ચોતરફ હાહાકાર મચી જવા પામી છે. રાજયભરમાં દેશીદારુના અડ્ડાઓ પર પોલીસની ટીમો ત્રાટકી રહી છે. ત્યારે ગાંધીનગર જિલ્લા પોલીસની પણ વિવિધ ટીમો છેલ્લા પાંચ દિવસમાં ઠેરઠેર દરોડા પાડી દેશી દારુ તેમજ વોશ કબ્જે કરી બુટલેગરો સામે પ્રોહીએકટ મુજબ કાર્યવાહી હાથ ધરી છે. તેમ છતા કેટલાક શખ્સો ખાનગીમાં દેશી દારુનો વેચાણ કરતા હોવાથી પોલીસ ત્રાટકી રહી છે. ગાંધીનગર એ ડીવીઝનમાં સમાવેશ દહેગામ, રખીયાલ, ચિલોડા, ડભોડા, પેથાપુર, સેકટર-૨૧, સેકટર-૭, ઈન્ફોસીટી સહિતના વિસ્તારમાં પોલીસ પાંચ દિવસથી સતત દેશીદારુના અડ્ડાઓ પર બઘડાટી બોલાવી રહી છે. પોલીસે પાંચ દિવસમાં ૨૦૦ જેટલી રેઈડ કરી ૨૨૦ લીટર દેશી દારુ તેમજ એક હજાર લીટરથી વધુ વોશ કબ્જે કરી ૭૦ જેટલા નાનામોટા બુટલેગરો પણ પોલીસના સંકજામાં આવી ગયા છે. જયારે કલોલ ડીવીઝનમાં સમાવેશ કલોલ શહેર-તાલુકા, અડાલજ, સાંતેજ માણસા સહિતના વિસ્તારમાં પોલીસે ૨૯ જેટલા સ્થળ પર રેઈડ પાડી ૯૦૦ લીટર દેશીદારુનો જથ્થો પકડી પાડી પાંચ બુટલેગરને પકડી પાડી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રાયસણ ગામેથી પલ્સર બાઈકની ચોરી

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગરના રાયસણ ગામે વણકર વાસ હાથીપરુ ખાતે રહેતા ૨૪ વર્ષિય હર્ષ કાંતિલાલ સાલ્વી માતા-પિતા સાથે રહે છે અને સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. હર્ષ તેના ઉપયોગ માટે પલ્સર બાઈક નં. જી.જે.૧૮.ડી.સી.-૧૦૪૨ નો ઉપયોગ કરતો હતો. ગત તા.૨૫ ના રોજ હર્ષ બાઈક લઈ રાત્રીના સાડા આઠ વાગે રાયસણ ગુડાના મકાનો ખાતે તેના બહેન-જીજાજીને મળવા માટે ગયો હતો. ત્યારપછી રાત્રીના ૧૦ વાગ્યા અરસામાં ઘરે પરત આવી બાઈક ઘર પાસે ખુલ્લી જગ્યામાં પાર્ક કર્યુ હતું. જયારે બીજા દિવસે સવારે ૫ વાગે ઉઠીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી હર્ષે આસપાસની સોસાયટી તેમજ શોપીંગ સેન્ટરમાં શોધખોળ કરી હતી પરંતુ આજદિન સુધી બાઈક મળી ન આવતા આખરે ઈન્ફોસીટી પોલીસ મથકે રૂ.૪૦ હજારના બાઈક ચોરી અંગે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## સિવિલમાં દોઢ વર્ષની બાળકીના ગળામાંથી ફસાયેલ માછલીનો કાંટો નીકાળ્યો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં દોઢ વર્ષની બાળકીને મોંઢાના ભાગે ફીશનો કાંટો ભરાઈ જતા સારવાર માટે લાવ્યા હતા. જો કે મેડીકલ ઓફિસરે એકસ-રે કઢાવ્યા બાદ પણ કાંટો તેમાં નજરે પડતો ન હતો. પરંતુ મેડીકલ ઓફિસરે પોતાની કુનેહથી નાની બાળકીના મોંઢામાં ફસાયેલ ફીશનો કાંટો અડધા કલાકની ભારે જહેમત બાદ નીકાળી દીધો હતો. જો કે ફીશનો કાંટો નીકળી ગયા બાદ બાળકીને દર્દમાં રાહત મળતા માતા-પિતા સહિત પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં રહેતા એક પરિવારને પોતાની દોઢ વર્ષની બાળકીને મચ્છીને કારણે જીવ સામે ઝોખમ ઉભુ થયું હતું. ગત તા. ૨૪ જુલાઈના રોજ બપોરના સમયે એક પરિવાર પોતાની દોઢ વર્ષની બાળકીને લઈને આવ્યો હતો. તાત્કાલીક વિભાગમાં હાજર તબિબને પરિવારે જણાવ્યું કે બાળકી ખાંસી ખાતા સમયે ગળાના ભાગે થતા દર્દથી કણસી રહી હતી.

જેથી ડો. પ્રવિણસિંહ સોલંકીએ બાળકીનો એકસ-રે પણ કરાવ્યો હતો.પરંતુ તેમાં પણ કંઈ દેખાતુ ન હતું. જેથી ડોકટરે પરિવારને ભોજનમાં શું ખવડાવ્યું છે.

તે પુછતા ફીશનું ભોજન કરાવ્યું હોવાનું જણાવ્યું હતું. જેથી ડોકટરે પોતાની કુનેહથી ગળાના ભાગે તપાસ કરીને ગળાના અંદરના ભાગે માછલીના કાંટાને અડધા કલાકની ભારે જહેમત બાદ નીકાળ્યો હતો. માછલીનો કાંટો નીકળી જતા બાળકીને દર્દમાં રાહત મળી હતી. જેથી ડો પ્રવિણસિંહ સોલંકીનો બાળકીના પરિવારે આભાર વ્યકત કર્યો હતો.જયારે આ કામગીરીમાં સ્ટાફના કર્મચારીઓનો પણ સહયોગ સાંપડ્યો હતો.

## આર.સી. પટેલમાં નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

આર.સી. પટેલ એન્ડ હા.સે. સ્કૂલમાં ધોરણ-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓની નિબંધલેખન સ્પર્ધા યોજવામાં આવી હતી.

આ સ્પર્ધામાં શાળાના સેમિનાર હોલમાં યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં શાળાના ૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો

તેમાં પ્રથમ નંબરે પટેલ રીશ્વા પ્રકાશકુમાર, દ્વિતિય નંબરે તન્ના હિરવા એમ. અને તૃતીય નંબરે સુવા તુલજા પી.એ પ્રાપ્ત કર્યો હતો.

આ સ્પર્ધામાં શાળાના શિક્ષક પ્રવિણભાઈ પટેલે નિર્ણાયક તરીકેની જવાબદારી નિભાવી હતી જયારે સમગ્ર સ્પર્ધા શાળાના શિક્ષિકા શીતલબેન પટેલના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી હતી.

વિજેતા વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પટેલે શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

**જાહેર નોટીસ**
**મેસર્સ એસ.આર.પોલીમર્સ**
મેસર્સ એસ.આર.પોલીમર્સ, પ્લોટ નંબર ૩૨૧૦, જીઆઈડીસી છત્રાલ, તાઃકલોલ, જિઃગાંધીનગર, ગુજરાત. પ્રાયોજિત પ્રોજેકટને એસઈઆઈએ એ દ્વારા ૭ જાન્યુઆરી, ૨૦૨૨ ના રોજ પર્યાવરણીય મંજુરી માટે મંજુરી આપવામાં આવી છે. મંજુરીના પત્રની એક નકલ જીપીસીબીમાં ઉપલબ્ધ છે અને તે એસઈઆઈએએ/એસઈએસી/જીપીસીબી વેબસાઈટ પર પણ જોઈ શકાય છે.
પ્રપોઝલ નંબર : એસઆઈએ/ગુજ/આઈએનડી ૨/૨૦૩૫૫૨/૨૦૨૧.

Exh No. 16
**Adv F.B. Sayyed**
**Advocate Naskil:**
M.A.C.P. No. 376/2019

**IN THE COURT OF HON'BLE MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, AT NASHIK**

(D J 9 & Addl. Sessions Judge, Shri M A Shinde Saheb Nashik)

1. **Savitri Bhikan Rozekar**
2. **Pravin Bhikan Rozekar** — **Applicant**
3. **Sachin Bhikan Rozekar**
R/o : N 53,V/H/30/101,
Patil Nagar, Nashik

V/s

**Jarinabegum Habiburraheman Sayyed**
R/o AT 03, Hussaini Society, Modasa, Tat & Dist Modasa. Gujrat-383315. — **Opponent**

The husband of applicant no.1 died in-an accident on 06/01/2019 because of rash and negligent driving of driver of Truck No. GJ 31 T 7045 within the limits of Ambad Police Station. Therefore they have filed a claim for compensation against owner of Container i.e. Opp. No.1 and Opp. No.2 the insurance company.

In spite of sending notices again & again through court and also through R.P.A.D the opp. No. 1 has failed to remain present before this Hon'ble court. The last known address of Opp. No.1 to the applicant is mentioned above.

Therefore you i.e. Opp. No. 1 is hereby directed to remain present before this H'onble court either personally or through advocate on 23/09/2022.At 10.30 a.m. otherwise the matter would be heard ex-parte.

Given by my sign & seal on 28/7/2022

**Sd/-** **Clerk** Dist. & session court Nashik — court seal — **Sd/-** **Supritendent** Dist. & session court Nashik

आज़ादी का अमृत महोत्सव
नए समाज की ओर Towards a new dawn

**ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી.**
**મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર**
**દ્વારા આયોજિત**

**શક્તિ મેળો**
The Power of Women's Economy

**મહિલાઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓનું વેચાણ સહ પ્રદર્શન**

તારીખ : ૨૩-૦૭-૨૦૨૨ થી ૨૯-૦૭-૨૦૨૨
સ્થળઃ,લગ્નવાડી હોલ, સેક્ટર -૭, ગાંધીનગર

મેળા નો સમય : સવારે ૧૦:૦૦ થી રાત્રે ૧૦.૦૦ સુધી

કોવીડ-૧૯ ના સરકારશ્રીના નિયમો ના પાલન સાથે મહિલા ઉદ્યમીઓ ને રોજગારી આપવાના હેતુથી આયોજિત | એક ડગલું આત્મનિર્ભરતા તરફ | વોકલ ફોર લોકલ

મેળાઓમાં ભાગ લેવા માટે http://mela.gwedc.gov.in/index.aspx પોર્ટલ પર રજીસ્ટર કરવું

માહિતી/૮૯૫/૨૨-૨૩